For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ગૃહમંત્રી હર્ષ સંઘવી સહિત વરિષ્ઠ નેતાઓ આપશે શ્રદ્ધાંજલિ

# ‘યોગેશ કાકા’ની આજે અંતિમવિદાય

**દિવંગત** ધારાસભ્યની અંત્યેષ્ઠિને પગલે તંત્ર દ્વારા ખાસવાડી સ્મશાનગૃહ ખાતે યુદ્ધના ધોરણે સાફ-સફાઈ અને પ્રોટોકોલ મુજબની તૈયારીઓ શરૂ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરાના વરિષ્ઠ અને લોકપ્રિય ધારાસભ્ય યોગેશ પટેલના મંગળવારે હૃદયરોગના હુમલાથી થયેલા અવસાનથી સમગ્ર શહેર તેમજ રાજ્યભરમાં શોકની લાગણી વ્યાપી છે. ગુજરાતના સૌથી અનુભવી ધારાસભ્યોમાં સ્થાન ધરાવતા યોગેશ પટેલની અંતિમ ક્રિયા ગુરુવારે વડોદરાના ઐતિહાસિક ખાસવાડી સ્મશાનગૃહ ખાતે પૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવશે. અંતિમ સંસ્કાર દરમિયાન રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્ય સરકારના મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો, વહીવટી અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો અને નાગરિકો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

અંતિમવિધિને ધ્યાનમાં રાખીને ખાસવાડી સ્મશાનગૃહ ખાતે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. સ્મશાનગૃહ પરિસર, મુખ્ય પ્રવેશદ્વાર અને આસપાસના વિસ્તારોમાં સાફ-સફાઈ, રંગરોગાન અને અન્ય સુવિધાઓ ઉભી કરવાની કામગીરી ચાલી રહી છે. અંદાજે 20થી 25 કર્મચારીઓ તથા વધારાના શ્રમિકો સતત કામગીરીમાં જોડાયેલા છે.

સ્મશાનગૃહમાં હાલમાં નવી ચિતાઓ અને ગેસ આધારિત સુવિધાઓ વિકસાવવાનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. જોકે ગેસ ચિતાઓનું ઈન્સ્ટોલેશન અને સિવિલ વર્ક પૂર્ણ ન થતાં યોગેશ પટેલના અંતિમ સંસ્કાર પરંપરાગત લાકડાની ચિતા પર કરવામાં આવે તેવી સંભાવના છે. હાલમાં સ્મશાનગૃહમાં 11 જૂની લાકડાની ચિતાઓ કાર્યરત છે, જ્યારે નવા પ્રોજેક્ટ હેઠળ 16 ચિતાઓ તૈયાર થઈ રહી છે, જેમાં 4 ગેસ ચિતા અને 12 લાકડાની ચિતાઓનો સમાવેશ થાય છે.





**અંતિમ દર્શન અને અંતિમયાત્રાનો કાર્યક્રમ**

યોગેશ પટેલના પાર્થિવ દેહને હાલ સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે રાખવામાં આવ્યો છે. ગુરુવારે સવારે તેમના દેહને અમદાવાદી પોળ વિસ્તારના પાંચ મંદિરો તેમજ જાગનાથ મહાદેવ મંદિરે દર્શન કરાવી લાવવામાં આવશે.

**અંતિમ દર્શન:**
સવારે 9:00 થી 10:30 વાગ્યા સુધી, અમદાવાદી પોળ વડ પાસે

**અંતિમયાત્રા પ્રારંભ**
સવારે 10:30 વાગ્યે

**રૂટ:** અમદાવાદી પોળ - ટાવર ચાર રસ્તા - કોઠી ચાર રસ્તા - કૈલાશપુરી (જૂની આરાધના ટોકીઝ સામે) - ખાસવાડી સ્મશાનગૃહ

### કેન્દ્રીય ગૃહ મંત્રીની કડક સૂચના બાદ પોલીસ એક્શન મોડમાં

# શહેર પોલીસ દ્વારા શંકાસ્પદની પૂછપરછ અને બાંગ્લાદેશીઓની શોધખોળ શરૂ

**શહેરમાં** ૨૦૦ જેટલા બાંગ્લાદેશીઓ વસવાટ કરતા હોવાની આશંકા વચ્ચે મેગા સર્ચ ઓપરેશન

(પ્રતિનિધિ) વડોદરા તા.3

દેશના કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા તાજેતરમાં જ એક કાર્યક્રમ દરમિયાન ગેરકાયદેસર રીતે વસતા બાંગ્લાદેશીઓને દેશમાંથી બહાર કાઢવા તેમજ ઘૂસણખોરી કરનારાઓ અને તેમને આશ્રય આપનારાઓ પર કડક કાનૂની કાર્યવાહી કરવા માટે સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા હતા. આ આદેશ બાદ સમગ્ર ગુજરાત રાજ્યના પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. ગૃહ મંત્રીની કડક સૂચનાના પગલે વડોદરા સહિત સમગ્ર રાજ્યભરમાં ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરીને વસતા બાંગ્લાદેશી નાગરિકોને શોધી કાઢવા માટે એક વ્યાપક અને સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ખાસ કરીને વડોદરા શહેરમાં જ અંદાજે ૨૦૦થી વધુ બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રીતે વસવાટ કરી રહ્યા હોવાની પ્રબળ આશંકાને પગલે સ્થાનિક પોલીસ તંત્ર અને સ્પેશિયલ બ્રાન્ચ સંપૂર્ણપણે હરકતમાં આવી ગઈ છે.

શહેર પોલીસ તંત્ર દ્વારા જુદા જુદા સંવેદનશીલ અને શંકાસ્પદ વિસ્તારોમાં કોમ્બિંગ હાથ ધરીને મેગા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે, જેમાં શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરીને તેમની કડકાઈથી પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, અગાઉ પકડાયેલા બાંગ્લાદેશીઓની તપાસ દરમિયાન વડોદરામાં વસતા અનેક સ્થાનિક શખ્સો પણ તેમને આશ્રય અને નકલી દસ્તાવેજો બનાવવામાં મદદગારી કરતા હોવાનું ખુલ્યું હતું, જેમને પણ અત્યારે પૂછપરછના દાયરામાં લેવામાં આવ્યા છે. પકડાયેલા ઘૂસણખોરોની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે પશ્ચિમ બંગાળ સરહદેથી ભારતમાં ઘૂસણખોરી કરવા માટે મોટા પાયે એજન્ટો સક્રિય છે, જેઓ ગેરકાયદેસર રીતે સરહદ પાર કરાવીને ભારતના જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મજૂરી અર્થે મોકલવાનું નેટવર્ક ચલાવી રહ્યા છે.

આ તપાસ દરમિયાન એ પણ જાણવા મળ્યું છે કે આ ઘૂસણખોરો સ્થાનિક સ્તરે બાંધકામ સાઈટો, મજૂરી કામ કે અન્ય નાના-મોટા વ્યવસાયોની આડમાં આશ્રય મેળવી લેતા હોય છે.

# માંજલપુરના અવધૂત ફાટક પર રેલવે ઓવરબ્રિજ બનાવવા માંગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.3

વડોદરા શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલા માંજલપુરના અવધૂત ફાટક પર ટ્રાફિકની ગંભીર સમસ્યા નિવારવા માટે ત્યાં તાકીદે રેલવે ઓવરબ્રિજ બનાવવાની માંગણી સાથે સ્થાનિક નાગરિક ભરતભાઈ એસ.રાણા દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર, મ્યુનિસિપલ કમિશનર, સાંસદ સભ્ય અને ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગને એક વિસ્તૃત રજૂઆત કરવામાં આવી છે.

લક્ષ્મીનારાયણ મંદિર નજીક આવેલા અવધૂત ફાટક પર સવાર-સાંજ પીક અવર્સ દરમિયાન વાહનોની લાંબી કતારો લાગે છે, જેના કારણે કિંમતી સમય અને ઈંધણનો બગાડ થાય છે. આ વિસ્તારમાં ગીચ વસ્તી, ધાર્મિક સ્થળો, સ્મશાન ગૃહ, પાર્ટી પ્લોટ્સ અને કોમર્શિયલ કૉમ્પ્લેક્સ આવેલા હોવાથી ટ્રાફિકનું ભારણ સતત રહે છે. વધુમાં, રેલવે ક્રોસિંગની બિલકુલ નજીક આવેલું અયોજિત ચાર રસ્તાનું જંકશન અકસ્માતો અને ટ્રાફિક જામને વધુ ગંભીર બનાવે છે.

પત્રમાં ખાસ ઉલ્લેખ કરાયો છે કે, જ્યારે પણ લાલબાગ બ્રિજ મેન્ટેનન્સ કે અકસ્માતને કારણે બંધ થાય છે, ત્યારે અવધૂત ફાટક જ રેલવે લાઈન ઓળંગવાનો એકમાત્ર વ્યવહારુ વૈકલ્પિક રસ્તો બચે છે. લાલબાગ બ્રિજ બંધ થતાં જ આખું તંત્ર અને ઈમરજન્સી સેવાઓ ખોરવાઈ જાય છે. ફાટકની બંને બાજુ પૂરતી સરકારી જમીન ઉપલબ્ધ હોવાથી બ્રિજનું નિર્માણ ખૂબ જ ઓછા પુનર્વસન પડકારો સાથે થઈ શકે તેમ છે.

નાગરિકોના વ્યાપક હિતમાં તંત્ર દ્વારા તાકીદે ટ્રાફિક સર્વે કરી, ભારતીય રેલવે સાથે સંકલન સાધીને વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવે અને આ બ્રિજની કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવે તેવી નમ્ર અપીલ કરવામાં આવી છે. આ ઓવરબ્રિજ વડોદરાના ભવિષ્યના વિકાસ માટે એક મહત્વપૂર્ણ ભેટ સાબિત થશે.

### વડોદરામાં વધતી ગુનાખોરી : માતા-પિતાએ એકનો એક પુત્ર ગુમાવ્યો

# કલાલીમાં જૂની અદાવતમાં પત્નીની નજર સામે ૨૮ વર્ષીય યુવકની કરપીણ હત્યા

**કરણ** અને દર્શન મારવાડી સામે પરિવારના ગંભીર આક્ષેપ, પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરામાં ગુનાખોરીના વધતા બનાવો વચ્ચે વધુ એક હત્યાની ઘટનાએ શહેરને હચમચાવી દીધું છે. કલાલી વિસ્તારમાં પ્રસંગમાં હાજરી આપવા ગયેલા 28 વર્ષીય ગિરીશ ભાલીયાની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ બનાવને લઈને સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

પ્રાથમિક માહિતી અનુસાર, ગિરીશ ભાલીયા પરિવાર સાથે એક પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. તે દરમિયાન જૂની અદાવતને લઈને કેટલાક શખ્સો સાથે બોલાચાલી થઈ હતી. બાદમાં મામલો ઉગ્ર બનતા હુમલાખોરોએ ગિરીશ પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓના કારણે ગિરીશનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.



ઘટનાની સૌથી કરુણ બાબત એ રહી કે પત્નીની નજર સામે જ ગિરીશની હત્યા કરવામાં આવી હતી. પતિ પર જીવલેણ હુમલો થતાં પત્ની સ્તબ્ધ બની ગઈ હતી. બનાવ બાદ પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

મૃતકના પરિવારજનોએ કરણ અને દર્શન મારવાડી નામના શખ્સો પર હત્યાનો આક્ષેપ કર્યો છે. પરિવારનું કહેવું છે કે જૂની અદાવતના કારણે આ હુમલો કરવામાં આવ્યો હતો.

ગિરીશના મૃત્યુથી માતા-પિતાએ પોતાનો એકનો એક પુત્ર ગુમાવ્યો છે, જ્યારે નાની દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવી છે. આ ઘટનાએ સમગ્ર પરિવારને આઘાતમાં મૂકી દીધો છે. બનાવ અંગે જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે તેમજ હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# NEETમાં સ્કોર વધારી આપવાનું ૨૦ લાખના કૌભાંડનું પર્દાફાશ

OMR શીટમાં બ્લેન્ક જવાબો ભરવાનો દાવો, બેંગલુરુની સંસ્થાના નામે ફ્રોડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

નીટ પેપર લીક કાંડ બાદ હવે પરીક્ષા પછી ઓએમઆર શીટમાં ખાલી છોડેલા જવાબો ભરીને સ્કોર વધારી આપવાનું 20 લાખનું કૌભાંડ સામે આવ્યું છે. બેંગલુરુની એકેડમી સાથે જોડાયેલો હોવાનો દાવો કરનાર આરવ સિંઘ નામના ઠગે આ સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

ઉમેદવારે નીટ યુજીની પરીક્ષા આપવી જ પડશે, પણ જે સવાલના જવાબ ન આવડે તે ઓએમઆર શીટમાં ખાલી છોડી દેવા. ખાલી છોડેલા સવાલો પરીક્ષા પછી એક કોડ દ્વારા ઓએમઆર શીટ આઈડેન્ટિફાય કરી તેમનું ઈન્ટરનલ નેટવર્ક ભરી દેશે. કુલ 20 લાખમાંથી 50,000 ટોકન તરીકે ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે અને બાકીના 19.5 લાખ રિઝલ્ટ આવ્યા પછી આપવાના., ધોરણ 10-12ની માર્કશીટ, નીટ યુજી 2026 એકનોલેજમેન્ટ રિસિપ્ટ, આધાર કાર્ડ અને પાસપોર્ટ સાઈઝ ફોટો જોઈએ. ઠગે દાવો કર્યો છે કે, અમે પેપર નથી આપતા કે સેન્ટર મેનેજ નથી કરતા. બસ તમે ખાલી છોડેલા જવાબો અમે ભરી દઈશું અને રિઝલ્ટ અપડેટ થઈ જશે. વિશ્વાસ બેસાડવા માટે તેણે બેંગલુરુ ઓફિસે આવીને જસવંત સિંઘને મળવા અને મેનેજમેન્ટ કોટા હેઠળ એડમિશનની ચર્ચા કરવાનું કહ્યું. બેંગલુરુની એક સંસ્થાના પ્રતિનિધિ હોવાનો દાવો કરી ઠગો વાલીઓ અને વિદ્યાર્થીઓને મેસેજિંગ પ્લેટફોર્મ પર સંપર્ક કરી રહ્યા છે. તપાસમાં સામે આવ્યું કે આ રેકેટ મુશ્કેલ સવાલો છોડી દો, સ્કોર વધારવાની ગેરંટી ના નામે 20 લાખ વસૂલે છે. નીટ જેવી પ્રતિષ્ઠિત પરીક્ષામાં આ પ્રકારના કૌભાંડો પ્રામાણિક વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં સમાન છે. નિષ્ણાતો વાલીઓને અનઅધિકૃત વ્યક્તિઓની લાલચમાં ન આવવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ તાત્કાલિક એનટીએ અથવા પોલીસને કરવા અપીલ કરી રહ્યા છે.

### દેશની 10 હજાર પોસ્ટ ગ્રેજ્યુએશન ડેન્ટલ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે

# નીટ-MDSનું પરિણામ: ઓપન કેટેગરી માટે ૫૦, અનામત માટે ૪૦ પર્સન્ટાઈલ કટઓફ

**એનબીઈ** એ કુલ 960 માર્ક્સમાંથી કેટેગરી મુજબ પર્સન્ટાઇલ કટ ઓફ જાહેર કર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સિસ દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએશન ડેન્ટલ - એમડીએસમાં પ્રવેશ માટે ગત તા.2 મેના રોજ લેવાયેલી નિટ એમડીએસ પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. આ પરીક્ષાના આધારે આગામી દિવસોમાં રાજ્યની અંદાજે 255 સહિત દેશની 10 હજાર પોસ્ટ ગ્રેજ્યુએશન ડેન્ટલ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

એનબીઈ એ કુલ 960 માર્ક્સમાંથી કેટેગરી મુજબ પર્સન્ટાઈલ કટ ઓફ જાહેર કર્યો છે. જેમાં ઓપન કેટેગરી / EWS 50 પર્સન્ટાઈલ, એટલે કે 308 માર્ક્સ, જનરલ PwD 45 પર્સન્ટાઈલ, એટલે કે 289 માર્ક્સ, SC / ST / OBC / SC-PwD / ST-PwD / OBC-PwD 40 પર્સન્ટાઈલ, એટલે કે 271 માર્ક્સ. વિદ્યાર્થીઓના વ્યક્તિગત સ્કોરકાર્ડ આગામી 10મી જૂનના રોજ વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. આ સ્કોરકાર્ડ 6 માસ સુધી માન્ય ગણવામાં આવશે. સમયમર્યાદા પછી સ્કોરકાર્ડ રજૂ કરાશે તો તે અમાન્ય ગણાશે. એનબીઈએ એ સ્પષ્ટતા કરી છે કે, નિટ એમડીએસ 2026ના રજિસ્ટ્રેશનમાં વિદ્યાર્થીએ આપેલી કોઈપણ જાણકારી ખોટી સાબિત થશે તો પ્રવેશ રદ કરવામાં આવશે. પરીક્ષા બાદ પ્રશ્નોની સમીક્ષા કરીને આન્સર કીની ચકાસણી કરવામાં આવી હતી. જે પ્રશ્નો ટેકનિકલી ખોટા હતા અથવા જે વિદ્યાર્થીઓએ સોલ્વ ન કર્યા હોય, તેના પણ ગ્રેસ માર્ક્સ આપી દેવામાં આવ્યા છે.

**કોમર્સમાં GST સર્ટિ. કોર્સમાં પ્રવેશ શરૂ**

ગુજરાત યુનિવર્સિટીના સ્કૂલ ઓફ કોમર્સમાં 6 માસના જીએસટી સર્ટિફિકેટ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે. કુલ 2 મહિનાનો એટલે કે 60 કલાકનો આ કોર્સ રહેશે. કોઈપણ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર ગણાશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની અમદાવાદ શાખા દ્વારા કોર્સના અભ્યાસક્રમ માટે સહયોગ અપાયો છે. સવારે 11 વાગ્યાથી શુક્રવાર દરમિયાન લેક્ચર રહેશે. આગામી 25મી જૂન સુધીમાં પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓ અરજી કરી શકશે.

### તબીબો સાથે થતી બોલાચાલી અને હુમલા રોકવા કવાયત

# SSGHમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરાશે : બેઠકમાં નિર્ણય

**આકસ્મિક** પરિસ્થિતિમાં ત્વરિત એક્શન લેવા સિક્યુરિટી ગાર્ડ્સને આદેશ

(પ્રતિનિધિ) વડોદરા. તા.3

વડોદરા મેડિકલ કોલેજ સંલગ્ન અને મધ્ય ગુજરાતની સૌથી મોટી ગણાતી સયાજી હોસ્પિટલ ખાતે આજે સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને લોખંડી બનાવવાના હેતુથી એક અત્યંત મહત્વની સમીક્ષા મુલાકાત બેઠક યોજવામાં આવી હતી. હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબો, નર્સિંગ સ્ટાફ અને અન્ય કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસન સંયુક્ત રીતે એક્શન મોડમાં આવ્યું છે.

સયાજી હોસ્પિટલ પરિસરમાં યોજાયેલી આ ખાસ બેઠકમાં હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ, નિવાસી તબીબી અધિકારી, અને રાવપુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સંસ્થા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવતા તમામ સિક્યુરિટી ગાર્ડ્સ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન હોસ્પિટલના ખૂણે-ખૂણાની નાની-મોટી તમામ સુરક્ષા બાબતો અંગે અત્યંત ઝીણવટભરી અને વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓના સગાઓ દ્વારા અવારનવાર ફરજ પરના ડોક્ટરઓ અને તબીબી સ્ટાફ સાથે બોલાચાલી, ઘર્ષણ અથવા મારામારી જેવી અપ્રિય ઘટનાઓ સામે આવતી હોય છે. આ બેઠકમાં આવી ઘટનાઓને સદંતર અટકાવવા માટેના નક્કર પગલાંઓ પર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

### મ.સ.યુનિ. કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ પરીક્ષાના પરિણામમાં ટેકનિકલ ખામી

# ૧૭૬૦ વિદ્યાર્થી ડિસક્વોલિફાય થતાં ABVPનો ડીનને ઘેરાવ

**જીકાસ** અને ફેકલ્ટી એકબીજા પર દોષનો ટોપલો ઢોળી ખો-ખોની રમત રમે છે : ABVPનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં પ્રથમ વખત લેવાયેલી પ્રવેશ પરીક્ષાના પરિણામમાં મોટી ટેકનિકલ ખામી સર્જાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. જીકાસ પોર્ટલ દ્વારા જાહેર કરાયેલા લિસ્ટમાં 1760 જેટલા વિદ્યાર્થીઓને કોઈપણ કારણ આપ્યા વિના ડિસક્વોલિફાય કરી દેવાતા અને પરીક્ષા આપનારા અનેક વિદ્યાર્થીઓને ગેરહાજર દર્શાવવામાં આવતા મામલો ગરમાયો છે.

આ ગંભીર ખામીઓને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓને સાથે રાખીને કોમર્સ ફેકલ્ટીના ડીનને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. એબીવીપીના અધ્યક્ષ વેદ ત્રિવેદીએ આક્ષેપ કર્યો કે, જીકાસ અને ફેકલ્ટી પ્રશાસન એકબીજા પર દોષનો ટોપલો ઢોળીને ખો-ખોની રમત રમી રહ્યા છે, જેના કારણે હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અધ્ધરતાલ થઈ ગયું છે. વિદ્યાર્થીઓ અને વાલીઓના આક્રોશ વચ્ચે ફેકલ્ટી ડીને આશ્વાસન આપતા જણાવ્યું કે, જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરતી વખતે અથવા મોબાઈલ નંબર નાખવામાં ભૂલ કરી છે, તેમના માટે જીકાસના શિડ્યુલ મુજબ આગામી 7મી જૂનના રોજ સુધારા માટે પોર્ટલ પર વિન્ડો ઓપન કરવામાં આવશે. મહારાજા સયાજીરાવ ગાયકવાડના લોકલ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના સ્વપ્નને દોહરાવતા ડીને ખાતરી આપી કે વડોદરાના સ્થાનિક વિદ્યાર્થીઓને એડમિશનમાં પૂરતો ન્યાય મળશે. ફેકલ્ટીએ આ વર્ષે 100 નવી બેન્ચીસનો ઉમેરો કરીને ગત વર્ષ કરતાં પણ 100 વધુ એડમિશન આપવાની તૈયારી દર્શાવી છે, જેથી કોઈ લાયક વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે.



### રસપ્રદ નિયમો સાથે વડોદરા જિલ્લામાં થઇ રહી છે વસ્તી ગણતરી

# એક ઘરમાં બે પરિવારો રહેતા હોય ને દરવાજો એક હોય એક જ ઘર ગણાશે

**મોટી** ઉંમરના કિસ્સામાં કોઇ પરિવારમાં એમની પુત્રી, બહેન પણ સાથે રહેતી હોય તો તેમને પરિવારના સભ્ય ગણાશે

**ગણતરીદારની** મુલાકાત સમયે ઘર બંધ હોય તો પાડોશીને પૂછીને પણ વિગતો મેળવી શકે છે

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાની કામગીરીનો રાષ્ટ્ર વ્યાપી પ્રારંભ થયો છે. જેમાં ગણતરીદારો હાઉસ લિસ્ટિંગ ઓપરેશનનું કામ કરવાના છે. વડોદરા જિલ્લામાં ૨૧૬૯ બ્લોકમાં કુલ ૨૧૬૦ ગણતરીદારો કામ કરી રહ્યા છે. આજ એટલે કે તા. ૩ સુધીના ત્રણ દિવસ દરમિયાન કર્મચારીઓ પોતાના બ્લોકથી વાકેફ થશે અને બાદમાં પહેલેથી ફાળવવામાં આવેલા નકશા મુજબ ઘર નંબરો આપશે.

આ બ્લોકને કેવી રીતે વિભાજિત કરવામાં આવ્યા છે ? એ વિશે જાણીએ. બ્લોક વિભાજન માટે બે ઘટકોને ધ્યાને લેવામાં આવ્યા છે. એક તો ૭૫૦થી ૮૫૦ વ્યક્તિ અને બીજું ૨૦૦થી ૨૫૦ ઘરો. આટલી સંખ્યાના આધારે બ્લોકની રચના કરવામાં આવી છે. સેટેલાઈટની મદદથી રચવામાં આવેલા નકશાઓ પણ ગણતરીદારને આપવામાં આવ્યા છે.

હવે જ્યારે ગણતરીદાર કોઈ ઘરે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના ઘરમાં જાય અને ત્યાં જૂએ કે એક ઘરમાં એક પરિવારના ભાઈઓ અલગ અલગ રહે છે ત્યારે શું કરવાનું ? આ પ્રશ્ન બહુ મહત્વનો છે. એ માટે સરકાર દ્વારા એવું માર્ગદર્શિત કરવામાં આવ્યું છે કે, ઘરનો પ્રવેશ દ્વાર એક જ હોય તો ઘર એક જ ગણવાનું છે અને કુટુમ્બ બે. જો પ્રવેશ દ્વાર બે હોય તો ઘર બે ગણવાના અને કુટુમ્બ પણ બે ગણવાના રહે છે.




બીજી એક બાબત પણ રસપ્રદ છે. ધારો કે કોઈ પરિવારમાં એમની પુત્રી, બહેન પણ સાથે રહેતી હોય તો તેમને પરિવારના સભ્ય ગણવાની છે. ભલે તે ત્યક્તા કે વિધવા હોય. પણ યુગલ તરીકે નહી ગણવામાં આવે.

સરકાર દ્વારા આ વખતે પ્રથમ વખત ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ જનગણનામાં કરાઈ રહ્યો છે. આ વખતે પ્રથમ વખત નાગરિકો પોતાની જાતે જ ઓનલાઈન વિગતો આપીને સ્વગણના કરાવી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. વડોદરા જિલ્લામાં ૨૪ હજાર જેટલા લોકોએ એનો લાભ લીધો છે. ઓનલાઈન સ્વગણતરી કરનારા નાગરિકોએ હવે માત્ર ગણતરીદારને નોંધણીનો નંબર માત્ર આપવાનો રહેશે.

એવું પણ બને કે, ગણતરીદાર જ્યારે મુલાકાત લે ત્યારે ઘર બંધ હોય. એવા સંજોગોમાં તે પાડોશીને પૂછીને માહિતી મેળવી શકે છે. જો ઘર ખાલી હોય તો તે અંગેના રિમાર્ક્સ લખશે. નાગરિક હોય તો તેમને મળીને ૩૪ પ્રકારના પ્રશ્નો પૂછી તેના જવાબો મેળવશે.

### ABVP કાર્યકરો ડીન પર હુમલાનો પ્રયાસ કરતા પ્રોફેસરો એક થયા

# અમે બંગડીઓ નથી પહેરી, હાથ ઉપાડશો તો અમારો પણ ઉપડશે, કોમર્સ ડીનની ચેતવણી

**કેમ્પસમાં** અરાજકતા વચ્ચે એડમિશન પ્રક્રિયા ખોરવાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ પ્રક્રિયા દરમિયાન એબીવીપીના કાર્યકરો અને ફેકલ્ટીના ડીન પ્રજ્ઞેશ શાહ વચ્ચે ઉગ્ર ઘર્ષણ સર્જાતા કેમ્પસમાં તંગદિલીનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાને પગલે થોડા સમય માટે પ્રવેશ પ્રક્રિયા પણ સ્થગિત કરવી પડી હતી.

માહિતી મુજબ, સવારે એનએસયુઆઈ દ્વારા રજૂઆત કરાયા બાદ બપોરે એબીવીપીના કાર્યકરો રજૂઆત માટે પહોંચ્યા હતા. દરમિયાન વાતચીત ઉગ્ર બનતાં કાર્યકરોએ ડીન સાથે અસભ્ય વર્તન કર્યું અને હુમલો કરવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ એકત્ર થયો હતો અને મામલો વધુ ગરમાયો હતો. કેમ્પસમાં સર્જાયેલા હોબાળા અને તણાવના કારણે પ્રવેશ પ્રક્રિયા તાત્કાલિક બંધ કરવી પડી હતી. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ આ ઘટનાથી ચિંતિત બન્યા હતા. વાલીઓએ શૈક્ષણિક સંસ્થાઓમાં રાજકીય દખલગીરી અને અરાજકતા સામે રોષ વ્યક્ત કર્યો હતો.



ડીન પ્રજ્ઞેશ શાહે જણાવ્યું હતું કે શિક્ષકોને નબળા ન સમજવા જોઈએ. અમે વિદ્યાર્થીઓના હિત માટે કાર્ય કરીએ છીએ, પરંતુ શિસ્ત અને મર્યાદાનું પાલન અનિવાર્ય છે. કેમ્પસમાં ગુંડાગીરી ચલાવી લેવામાં નહીં આવે. જોકે, ડીનની પહેલ બાદ આશરે 30 મિનિટમાં પ્રવેશ પ્રક્રિયા ફરી શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ એબીવીપીના કેટલાક કાર્યકરો અને પોલીસ વચ્ચે પણ ઘર્ષણ સર્જાતા સયાજીગંજ પોલીસે તેમની અટકાયત કરી હતી. આ ઘટનાએ વિદ્યાર્થીઓના હિતના મુદ્દે ચાલતી રજૂઆતો અને કેમ્પસમાં સર્જાતી અરાજકતા વચ્ચેનો વિરોધાભાસ ફરી ચર્ચામાં લાવ્યો છે. 1760 વિદ્યાર્થીઓના ડિસક્વોલિફિકેશન મુદ્દે રજૂઆત કરાઈ રહી હોવા છતાં હિંસક વાતાવરણથી સામાન્ય વિદ્યાર્થીઓ અને વાલીઓ વધુ મુશ્કેલીમાં મુકાયાનું ચર્ચાઈ રહ્યું છે.